# મોડાસા બસ સ્ટેન્ડ નજીક ટ્રક-કન્ટેનર બેકાબુ



## રોડ નજીક રહેલી શાકભાજીની ત્રણ લારીનો કચ્ચરઘાણ, પાંચ દુકાનોને નુકશાન

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી ભારવાહક વાહનના ચાલકો બેફામ ગતિએ વાહન હંકારતા અનેક નાના-મોટા વાહનો અને રાહદારીઓને અડફેટે લેવાની ઘટનાનો સતત બની રહી છે. મોડાસામાં બસ સ્ટેન્ડ નજીક ધનસુરા તરફથી આવતા ટ્રક-કન્ટેનર ચાલકે કાબુ ગુમાવતા રોડની બાજુમાં રહેલી શાકભાજીની ત્રણ લારી અને ૫ દુકાનોને અડફેટે લઈ વીજપોલ સાથે ટકરાઈ ઉભું રહી જતા ટ્રક-કન્ટેનર ઘટનાસ્થળે મૂકી ચાલક નાસી છૂટ્યો હતો. મોડી રાત્રીએ ધડાકાભેર સર્જાયેલ અકસ્માતના પગલે લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટ્રક-કન્ટેનર પોલીસ સ્ટેશન ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રવિવારે મોડી રાત્રે ધનસુરા તરફથી આવતા ટ્રક-કન્ટેનરના ચાલકે બસ સ્ટેન્ડ નજીક ટ્રક-કન્ટેનર પરથી કાબુ ગુમાવતા ટ્રક રોડની બાજુમાં દુકાન બહાર રહેલી ત્રણ શાકભાજીની લારીઓ પર ફરી વળી વીજપોલ સાથે અથડાઈ દુકાનોમાં ઘુસી જતા વીજપોલ ધરાશાયી થવાની સાથે ત્રણ લારીઓનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. વીજપોલ ધરાશાયી થતા વીજપુરવઠો ખોરવાયો હતો. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા, સદનસીબે દિવસ-રાત સતત નાના-મોટા વાહનોથી અને રાહદારીઓથી ધમધમતા રોડ પર જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલી પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. ટ્રક-કન્ટેનર ચાલક ટ્રક ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ જતા પોલીસે ટ્રકને ટાઉન પોલીસ સ્ટેશનમાં ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભોપાનગર રેલવે ફાટક બંધ રહેતા આમ જનતા બાનમાં

## ઢુવા ફાટકના વૈકલ્પિક રોડ પર પણ ટ્રાફિક ચક્કાજામ

ડીસા, તા. ૧૦

પાલનપુર-સામખીયાળી રેલવે લાઈનના ડબલીકરણના કામ દરમ્યાન ગઈકાલે સોમવારે લાંબી માલગાડી દ્વારા લાઈન ઉપર રેલવેના પાટા ઉતારવામાં આવ્યા હતા પરંતુ કોઈપણ જાણકારી વગર ડીસાને અડીને આવેલ ભોપાનગર ફાટક સતત દોઢથી બે કલાક સુધી બંધ રાખવામાં આવી હતી. જેથી ટ્રાફિક ચક્કાજામ થવા સાથે ફરી એકવાર અંધાધૂંધી અને અરાજકતાનો માહોલ છવાયો હતો. પિક અવર્સ દરમ્યાન જ ફાટક બંધ હોઈ ઈમરજન્સી સહિત આમજનતા અટવાઈ પડી હતી જેથી કંટાળેલા નાના વાહન ચાલકોએ જુનાડીસા બાજુએ ફાટકને અડીને આવેલ ઢુવા ફાટકનો 'શોર્ટકટ' અપનાવ્યો હતો. પરંતુ આ રેતાળ અને સાંકડા રોડ ઉપર પણ ટ્રાફિક જામ થતા વાહન ચાલકો સાથે આમ જનતા ત્રાહિમામ પોકારી ઊંઠી હતી. તેમાં પણ બસ સહિતના મોટા વાહનોના ચાલકો બાનમાં મુકાયા હતા.





બનાસકાંઠા અને પાટણ જિલ્લા મથક સહિત સૌરાષ્ટ્રને જોડતા એકમાત્ર ડીસા- પાટણ હાઈવે ઉપર આવેલ ભોપાનગરની રેલવે ફાટક અવારનવાર બંધ હોય છે. જેથી પ્રસૂતિ સહિતની ઈમરજન્સીમાં હૈયાહોળી સર્જાવા સાથે ફાટકની બંને સાઈડે વાહનોની લાંબી લાઈનો લાગી જતા ટ્રાફિક ચક્કાજામ થાય છે તેમાં પણ ફાટક ઉપર ડિવાઈડરના અભાવે પરિસ્થિતિ બેકાબુ બનીને વણસી જાય છે જેથી આમ જનતા રઝળીને અટવાઈ પડે છે. આ રોજિંદી પારાયણ વચ્ચે સોમવારે ડબલ લાઈનની ચાલતી કામગીરીમાં નવી લાઈન ઉપર પાટા ઉતારવા લાંબી સ્પેશ્યલ ગાડી આવી હતી તેથી ફાટક દોઢથી બે કલાક બંધ કરી દેવાઈ હતી પરંતુ આગોતરી જાણકારીના અભાવે હજારો લોકો અટવાઈ પડ્યા હતા. કંટાળેલાં રીક્ષા, બાઈક અને કાર સહિતના વાહન ચાલકોએ ફાટકને અડીને નીકળતો ઢુવા ફાટકનો વિકલ્પ અપનાવ્યો હતો પણ આ રોડ કાચો, રેતાળ અને સાંકડો હોઈ અહીં પણ ટ્રાફિક જામ થયો હતો તેથી વાહન ચાલકો સાથે મુસાફર જનતાની હાલત દયનિય બની ગઈ હતી. જ્યારે બસ સહિતના મોટા વાહનોના ચાલકોને ફરજીયાત ફિલિંગ ભરવાનો વારો આવ્યો હતો. જેથી તંત્ર સામે નારાજગી તેમના ચહેરા ઉપર સ્પષ્ટ વર્તાતી હતી. આ બાબતે પ્રજાના પ્રતિનિધિઓ સહિત તંત્રના જવાબદારો સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.



તલોદમાં ફાગણ માસની શુભ શરૂઆતથી રાજસ્થાની લોકો ડફલી જેવા વાજીંત્રોથી દુકાનદારો, શેરીઓ, મહોલ્લાઓ અને જાહેર માર્ગો પર ફરી ફરીને ગર ઉગરાવી રાજસ્થાની ગીતો અને નૃત્યો કરી લોકોના દિલોમાં વશી જાય છે અને મસમોટી કમાણી કરી પોતાનુ પેટિયુ રડી હોળી જેવા ત્યોહારોનો પોતાની આગવી છટામાં જુદા જુદા પ્રકારના મનમોહક નૃત્યાંગોથી અને સદીઓથી રાજસ્થાની લોકગીતોથી ગવાતા ગીતોથી ગુજરાતમાં વસતા રાજસ્થાની અને ગુજરાતીઓને પોતાના માદરે વતનની યાદ અપાવી હોળી જેવા મુખ્ય ત્યોહારોની યાદ તાજી કરાવે છે જેના પર આ ડફલી વાદકોનુ ગુજરાન પણ ચાલતુ હોય છે.

# બીએસએફ જવાનનો વતનમાં જૂથ અથડામણમાં ભોગ લેવાયો

## મલેકપુર ગામે જૂથ અથડામણમાં ઈજાગ્રસ્ત આર્મી જવાનનું સારવાર દરમિયાન મોત

ભિલોડા, તા. ૧૦

૬ ફેબ્રુઆરીએ ભિલોડાના મલેકપુર ગામનો અને કાશ્મીરના શ્રીનગર બીએસએફમાં ફરજ બજાવતો યુવાન રવિન્દ્ર પ્રફુલભાઈ ગામેતી અને તેના બે મિત્રો પર સામાજિક અદાવતમાં ગામના જ ૯ શખ્સોએ કુહાડી, લોખંડની પાઈપ અને લાકડીઓથી તૂટી પડી ઘાતકી હુમલો કરતા આર્મી જવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. કોમામાં સરી પડેલો યુવાન ૪ દિવસ સુધી મોત સામે ઝઝૂમ્યા પછી આખરે આજે વહેલી સવારે દમ તોડી દેતા ભારે ચકચાર મચી હતી. બીએસએફ જવાનના મૃત્યુથી પરિવારજનો સહીત સમગ્ર પંથકમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી. આર્મી જવાનનું જૂથ અથડામણમાં મોત નિપજતા હાલ સમગ્ર વિસ્તારમાં ભરેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ભિલોડા પોલીસે મલેકપુર ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવી દીધો છે. મૃતક બીએસએફ જવાનનો મૃતદેહ વતને પહોંચ્યા પછી ગમે તે ઘડીયે સ્થિતિ સ્ફોટક બને તો નવાઈ નહિ.



શું હતો સમગ્ર મામલો

ભિલોડાના મલેકપુર ગામના અને બીએસએફમાં ફરજ બજાવતા અને રજા પર વતનમાં આવેલા રવિન્દ્ર પ્રફુલભાઈ ગામેતી તેના મિત્રો રોશન પ્રવીણભાઈ ખરાડી અને રણજિત અમૃતભાઈ નિનામા સાથે ભિલોડા પેટ્રોલપમ્પ પર પેટ્રોલ ભરાવીને પરત ફરતા સમયે અગાઉ થયેલ સામાજિક અદાવતમાં મલેકપુર બસસ્ટેન્ડથી થોડે દૂર અજયભાઈ સુરમાભાઈ નિનામા, કિતીભાઈ દિલીપભાઈ સડાત, અજયભાઈ દિલીપભાઈ સડાત, યશપાલભાઈ નિનામા, મહેશભાઈ હીરાભાઈ ખરાડી, વિશાલભાઈ કાવજીભાઈ ખરાડી, વિજયભાઈ રતુભાઈ ખરાડી, પ્રદિપભાઈ કાન્તીભાઈ નિનામા અને નટુભાઈ વાલજીભાઈ નિનામા નામના શખ્સોએ રસ્તા પર અડચણ ઉભી કરી ગેરકાયદેસર મંડળી રચી બીએસએફ જવાન રવિન્દ્ર ગામેતી અને તેના બે મિત્રો પર કુહાડી, લોંખડના પાઈપ, લાકડીઓ સાથે તૂટી પડતા રવિન્દ્ર નિનામા અને રણજિત નિનામાના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા રસ્તા પર જ ફસડાઈ પડ્યા હતા. રોશન ખરાડીના શરીરે ઈજાઓ પહોંચી હતી ૯ શખ્સોએ ઘાતકી હુમલાના પગલે લોકો દોડી આવતા હુમલાખોરે નાસી છૂટ્યા હતા. હુમલાના પગલે મલેકપુર ગામમાં ભારે તંગદિલી સર્જાઈ હતી. હુમલાનો ભોગ બનેલ ત્રણે યુવકોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. ભિલોડા પોલીસે મલેકપુર ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

## ખેડબ્રહ્મા ટાઉનમાંથી એક જ જગ્યાએથી ૩ બાઈક ચોરાયા

ખેડબ્રહ્મા શહેરમાં ગામ વિસ્તારમાં પટેલ ફળીમાંથી પિતા પૂત્ર અને ભાણીયા ના બાઈક રવિવાર રાત્રીના એક સાથે ત્રણ બાઈક ચોરી ચોર ઈસમો એ પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ખેડબ્રહ્માના ગામ વિસ્તરમા પટેલ ફળીમાં રહેતા ગોવિંદભાઈ કોદરભાઈ પટેલ, અને તેમના પુત્ર ચિરાગકુમાર ગોવિંદભાઈ પટેલ રવિવારે પોતાના કામકાજ પતાવી ઘરે આવી બાઈક નંબર જી.જે.૯. સીએ. ૮૮૫૮ અને જી.જે.૯. સીએલ.૬૯૫૫ પાર્ક કરી સુઈ ગયા હતા જયારે સામે રહેતા કલ્પેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ પોતાનું બાઈક જી.જે.૯. એએમ ૬૯૧૬ પાર્ક કરી સુઈ ગયા હતા રાત્રીના સમયે ચોર ઈસમો આવી ત્રણેય બાઈકો ઘર આગળથી ઉઠાવી નદીમાં લઈ ગયા અને ત્યાંથી બાઈક લઈ પલાયન થઈ ગયા હતા.

# ૪૫ વર્ષ જુની વિન્ટેજ કાર રેલી હિંમતનગરમાં આવતા સ્વાગત









## કારરેલીમાં જોડાયેલી ૧૩ વિન્ટેજ કાર દોલતવિલાસમાં પહોંચી : સાત દિવસમાં ૧૪૦૦ કિમીનો પ્રવાસ કરી અમદાવાદ પહોંચશે

હિંમતનગર, તા. ૧૦

સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રાજ્યોના વિલીનીકરણ કરાયા અગાઉ ગુજરાતમાં અનેક રાજા રજવાડાઓ રાજ કરતા હતા અને તેઓ હરવા ફરવા માટે અનોખી કાર રાખવાનો શોખ ધરાવતા હતા. જો કે આવી કારો સામાન્ય પ્રજા પાસે ન હતી. દરમ્યાન ૧૯૩૩ થી ૧૯૭૪ દરમ્યાન વપરાયેલી ૧૩ વિન્ટેજ કારોને કાફલો સોમવારે હિંમતનગરના



દોલતવિલાસમાં આવી પહોંચતા શહેરીજનો કુતૂહલવશ જોવા માટે દોડી ગયા હતા. આ વિન્ટેજ કારરેલી સાત દિવસમાં ગુજરાતમાં ૧૪૦૦ કિમીનો પ્રવાસ ખેડીને અમદાવાદ પહોંચશે.

આ અંગે દોલતવિલાસ પેલેસના આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રવિવાર તા. ૯-૨-૨૦ના રોજ અમદાવાદથી રાજ્યપાલ ડૉ. આચાર્ય દેવવ્રતે પ્રસ્થાન કરાવ્યું હતું. જેના ભાગરૂપે સોમવારે ૧૩ વિન્ટેજ કારનો કાફલો હિંમતનગરના માર્ગો પર થઈને મહાવીરનગર સ્થિત દોલતવિલાસ પેલેસમાં પહોંચી હતી. સુત્રોનું માનીએ તો ૧૯૩૪ થી ૧૯૭૪ સુધી રાજા મહારાજાઓએ ઉપયોગમાં લીધેલી અલગ તથા વિશિષ્ટ મોડલ ધરાવતી આ કારરેલીને જોવા માટે શહેરીજનો દોલતવિલાસ પેલેસની ફરતે પહોંચી ગયા હતા.

ઉલ્લેખનીય છે કે આ કારરેલીનું આયોજન ધ ફેડરેશન ઓફ હિસ્ટોરીકલ વ્હીકલ ઓફ ઈન્ડીયાના પ્રમુખ ડૉ. રવિપ્રકાશ અને ગુજરાતના ફેડરેશન વતી સુભોયનાથ અને સભ્યો મળી કારરેલીમાં ૧૩ વિન્ટેજ કારનો સમાવેશ કરાયો હતો. કારરેલી હિંમતનગરના દોલતવિલાસ પેલેસમાં પહોંચ્યા બાદ મહારાજા નરેન્દ્રસિંહજી અને તેમના પુત્ર કરણસિંહજીની હાજરીમાં દરબાર હોલમાં રખાયેલ હિંમતનગરના રાજાની વિન્ટેજ કારોને નિહાળવામાં આવી હતી. દોલતવિલાસ પેલેસમાં અત્યારે ૫ વિન્ટેજ કારની ખુબ જ સાચવણી કરાઈ રહી છે.

આ વિન્ટેજ કારરેલી સાત દિવસમાં ગુજરાતના હિંમતનગર, રાજસ્થાનના માઉન્ટ આબુ, દશારા ઘોરડો, રણોત્સવ, માંડવી, રાજકોટ, ગોંડલ થઈને અમદાવાદ પહોંચશે.

### બેંગ્લોરની દસ અને ગુજરાતની ત્રણ કાર જોડાઈ

અમદાવાદથી રાજ્યપાલે રવિવારે પ્રસ્થાન કરાવેલી વિન્ટેજ કારરેલીમાં બેંગ્લોરની દસ અને ગુજરાતની ત્રણ જુના જમાનાની તથા આરામદાયક સહિત અલગ જ પ્રકારની કારનો સમાવેશ કરવામાં આવ્યો છે.